
# ગુરુ પૂર્ણ 'મા'



# ગુરુપૂર્ણિમા

આજે ગુરુપૂર્ણિમાનો દિવસ છે. આજે અહિંયા રસ્તામાં આવતા - (ગુરુપૂર્ણિમાને દિવસે) મને એવો વિચાર સૂઝેલો કે ગુરુપૂર્ણિમા એટલે શું ? આમ તો આ દિવસને શું ન કહેવાય એવો દિવસ છે પણ હૃદયની પ્રાસાદિક ભાષામાં મેં એનો અર્થ કર્યો કે ગુરુ એ પૂર્ણ 'મા' છે.

આપણી જન્મ આપનારી 'મા'ના ઉપકારો માટે આપણા તનની ખાલના જોડા બનાવીએ તો યે તે 'મા'નું આપણું ૠણ ચૂકવાતું નથી. જે 'મા'એ જન્મ આપ્યો, સંસારમાં આપણને ઊભા રાખ્યા, એનો જો આપણા પર આવડો મોટો ઉપકાર હોય તો આ 'મા' તો એવી પૂર્ણ 'મા' છે કે જેના સ્તનનું પાન કર્યા પછી ફરીથી કોઇ 'મા'ને સ્તનપાન કરવાનો પ્રસંગ જ ન આવે.

જન્મ આપનારી 'મા'નો ઉપકાર આટલો બધો છે તો પછી જે 'મા'એ તમને સદાને માટે કોઇ 'મા'ને પેટે જવું ન પડે - સ્તનપાન કરવું ન પડે અને કેવળ સુખના સાગરમાં તમને ડૂબાડી દે - એના બોધરૂપી સ્તનનું પાન કરાવતી ખોળામાં પોઢાડી દે અને તમારી જન્મોજન્મની ભૂખ, જન્મોજન્મનું દુઃખ, તામરું ખોવાયેલું સ્વરૂપ, તમારા હાથમાં મૂકી દે એ ગુરુ 'મા'નો તો કેટલો મોટો ઉપકાર છે ?


આવી 'મા'ને મેળવવા માટે આપણી ગુરુપૂર્ણિમા છે. આ ગુરુ એ પૂર્ણ 'મા' છે, બસ ! આ 'મા' ને મેળવો.

પ્રેમ અવધૂત

પુસ્તક નું મૂલ્ય
ગુરુ ભક્તિ
ૐ પ્રેમ

શ્રી પ્રેમ કુટિર
[illegible], તા. બોરસદ
જી. આણંદ. પિન. કોડ-388520

# ગુરુ પૂર્ણ 'મા'



સંપાદક : પ્રા. કુલીન ઉપાધ્યાય
અમદાવાદ
મો. : ૯૮૨૪૫ ૦૪૨૦૬

પ્રકાશક : સતીશભાઈ ઓઝા
અમેરિકા


મુદ્રક : અંબિકા પ્રિન્ટર્સ
અમદાવાદ
(૦૭૯-૨૫૪૫૩૯૦૪)

ગ્રાફિક્સ : મયંકશાહ, રમણીય ગ્રાફિક્સ
૪૪/૪૫૧, ગ્રીનપાર્ક એપાર્ટમેન્ટ્સ,
સોલા રોડ, નારણપુરા, અમદાવાદ-૬૩


આવૃત્તિ : દ્વિતીય
મહા સુદ એકમ
૧૬, જાન્યુઆરી, શનિવાર-૨૦૧૦
સંવત ૨૦૬૬

દત્તબાવની અમૃતવર્ષ સમાપન

પ્રત : ૧૫૦૦




ॐ द्रां दत्तात्रेयाय नमः




પ.પ. વાસુદેવાનંદ સરસ્વતી સ્વામી મહારાજ

ગરુડેશ્વર



રંગ અવધૂત મહારાજ

નારેશ્વર



प्रेम अवधूत
लींच

ગુરુ સેવા પ્રેમે કરી ધરે ન ઉર અભિમાન,
ગુરુવૃત્તિ પરખી રહે, સેવક બને અમાન.

## પરિચય-પરિમલ

ચોમાસુ બેસે ને આષાઢ સુદી અગિયારસથી ચાતુરમાસનો પ્રારંભ થાય. उत्सवाः प्रियाः जनाः એ ઉક્તિ પ્રમાણે લોકો ઉત્સવપ્રિય હોવાથી આપણા ધર્મમાં ઋતુ-ઋતુ પ્રમાણે ઉત્સવોની પરંપરા ગોઠવાઈ છે.

આષાઢી પૂર્ણિમા એટલે કે ગુરુપૂર્ણિમા એ ભગવાન વેદવ્યાસનો જન્મ દિવસ છે અને તેથી એ પૂર્ણિમાને વ્યાસ પૂર્ણિમા પણ કહેવામાં આવે છે. વેદવ્યાસના સમાજ ઉપર ઘણા ઉપકારો છે. એ ઋણ પ્રત્યેના કૃતજ્ઞતાદર્શક વ્યાસ પૂજનનો વ્યાપ વિસ્તારીને વ્યાસજીની સાથે સાથે બધા જ ગુરુના પૂજનનો પ્રઘાત પડ્યો અને આમ વ્યાસ ભગવાન ગુરુપરંપરામાં ઊંચા સ્થાને બિરાજેલા છે તેના સ્વીકાર અને આદરરૂપે બધા જ ગુરુના પૂજનની પરંપરા શરૂ થઈ.

ગુરુપૂર્ણિમાના દિવસે શિષ્ય ગુરુ પ્રત્યે પોતે કૃતજ્ઞતા વ્યક્ત કરે, ગુરુ માઉલીનો ઉત્સવ ઉજવે અને શિષ્ય પોતાના ગુણ અને કાર્યનું વાર્ષિક સરવૈયું કાઢી ગુરુચરણે ભાવ સમર્પિત કરે.

ગુણગ્રાહી અવધૂત દત્તાત્રેયે બધા પાસેથી સારા ગુણો ગ્રહણ કરવાની વૃત્તિ કેળવી. એણે કરેલા ચોવીસ ગુરુની વાતો એ હિંદુ સંસ્કૃતિની આગવી વિશિષ્ટતા છે.

ગુરુ વૃત્તિ તે આપણી, ગુરુમાં આપ સમાય,
થતાં વૃત્તિ બે એક ત્યાં, સેવક સચ્ચિદાનંદ થાય.

કબીરજી કહે છે :

"बलिहारी गुरुदेव की जिन्हे गोविंद दियो बताय।

આપણા અંતરમાં સત્ ચિત્ અને સુખ (આનંદ) સ્વરૂપે રહી નિયમન કરનાર સર્વવ્યાપી ગુરુ અધ્યાત્મપંથના માર્ગદર્શક છે. ગુરુ શિષ્યનો સંબંધ 'વત્સલ અને વાત્સલ્ય'ની પરિમિતિમાં સચવાયેલાં જગત્ સુહૃદ્ પૂ. શ્રી રંગઅવધૂત મહારાજ માનવમેદનીને ભાવવિભોર થઈ અંતઃકરણના ઊંડાણથી સંબોધતા : "પ્યારા આત્મસંતાનો"

પરમહંસથી ઉપરની કક્ષાની એવી અવધૂતની કક્ષા ન્યારી છે. પૂ. શ્રી રંગઅવધૂત મહારાજના જેમણે જેમણે દર્શન કર્યાં છે એમને 'અવધૂત વિષે શું કહું ? અવધૂત એટલે પૃથ્વી ઉપર સિંહ જેવો વિહરતો નર્યો પ્રખર તેજનો પુંજ. એ અવધૂતના રોમે રોમમાંથી ફેલાતી ઉર્જાથી વાતાવરણ ૐના આંદોલનથી સભર થયેલું હોય - એ અવધૂતની ઉપસ્થિતિમાં સૌ કોઈ જાણ્યો-અજાણ્યો શાંતિ અનુભવે. એવા અવધૂતની સેવામાં રહેવું એ ખાંડાની ધાર પર ચાલવા જેવું કપરું કામ હતું. કેટલાંય જન્મનું તપ કરીને પુણ્યનું પાથેય બાંધ્યુ હોય તેવો સદ્ભાગી જીવ અવધૂતનો સેવક થઈ શકે.

અને તે સેવક પણ કેવા ?

ગુરુ આજ્ઞા પૂર્વે સ્ફુરે, શિષ્ય તણા મન માંહ્ય,
એવા શિષ્યને શોધવા, ફરે ગુરુ જગ માંહ્ય.

અવધૂત આમ તો અંતર્યામી. છતાં આ સેવક એમને કાંઈ કળવા ન દે. એ સેવકની સેવાથી પૂ. બાપજી (શ્રીરંગ અવધૂત મહારાજ)નો અંતરાત્મા ક્યારેક એવો તો પ્રસન્ન થઈ ઊઠે કે એ આત્મપિતા-અવધૂતના ગદ્‌ગદ્‌ કંઠે ઉદ્‌ગાર નીકળે કે :''આને આવું બધું કોણ સૂઝાડતું હશે ?

લીંચના શ્રી બચુભાઈ- પૂ. પ્રેમશંકર રાવળ અને હાલના પૂ.પ્રેમ અવધૂતને પૂ. શ્રીને શું જોઈશે અને ક્યારે જોઈશે એની અગાઉથી સૂઝ પડતી અને તેથી તેમને ''શ્રીરંગ અવધૂતનું મન'નું બિરુદ પણ ઘણાએ આપ્યું. સેવક તરીકે સ્વામી સાથે એવા ઓતપ્રોત કે પૂ.શ્રીની વૃત્તિમાં જ પોતાની વૃત્તિ પરોવે અને તેથી સ્વામી-ગુરુ મહારાજ કહે તે પહેલાં જ એમને સ્ફૂરે અને વસ્તુ હાજર થાય.

સાચા ગુરુ પ્રાપ્ત થવા તો દુર્લભ છે જ પણ સાચા સેવક મેળવવાનું કાર્ય પણ કપરું છે.

લીંચના પૂ. બચુભાઈ - પૂ. પ્રેમ અવધૂતજી એ અવધૂતના એકનિષ્ઠ ભક્ત. પૂ. બચુભાઈ એ પૂર્વજન્મની ગોપી. પ્રેમ અને સેવાનું મૂર્તિમંત સ્વરૂપ એટલે આપણા પૂ. પ્રેમઅવધૂતજી.

પૂ. બાપજીને ગમે તે કરવાનું અને ન ગમે તે કદી ન કરવાનું એ એમનો ગુરુમંત્ર. દરેક માનવી કે પ્રાણીમાત્રના

મનથી સેવા જે કરે, ભલે હોય ગુરુ દૂર,
સેવા મર્મ સમજી લહે, એને ક્યાં ગુરુ દૂર ?

દેહમાં રહેલા રંગગુરુને ઓળખી એને પ્રેમાભિષિક્ત કરીને એની આંતરડી ઠારવાની અને કદીયે હડધૂત કે તિરસ્કાર નહિ કરવાનો.

એમને કોઈ બાપજી કહે તો કોઈ બાપુજી કહે. કોઈ ભાઈ કહે તો કોઈ પ્રેમઅવધૂત કહે. પરંતુ એ પોતે તો બાપજીનું-ગુરુ મહારાજનું-બચ્ચું થઈને જ રહેવા ઝંખે છે. તેઓ તો કહે છે : **મારે અવધૂત નથી થવું, અવધૂતના થવું છે.**

પરદેશમાં વસતા અવધૂત પરિવારના-વેરવિખેર ભક્તોના અને ખાસ તો બાળકોના સદ્ભાગ્યે છેલ્લા બે વર્ષથી તેઓશ્રીને નોર્થ અમેરિકાના પ્રવાસે આવવાનું થાય છે. આવા અતિ સરળ અને પ્રેમાળ સંત સાથેનો સત્સંગ, સેવા અને સ્મરણનો સમય એ પરિવારનું અહોભાગ્ય જ ગણાય.

એમના પ્રવાસ દરમ્યાન રોજ-બ-રોજ ઉષ:પ્રાર્થનાનું દિવ્ય વાતાવરણ સર્જાય. તેઓશ્રી અવધૂતી આનંદના ભજનોની અને રંગહૃદયમ્‌ના સ્તોત્રની સમજ આપે. ગુરુ મહારાજની લખલૂટ વાતો થાય. ક્યારેક નાના બાળકની પેઠે ખડખડાટ હસે અને ક્યારેક આબેહૂબ નાના બાળકની જેમ-ગુરુ-માઉલીના વિયોગે રડી પડે. (મારી બા નથી ને ?)

એમનાં સંબોધનો પ્રસંગોચિત હોય. વાતો સીધી ને સાદી. વ્યવહારૂ અને ભાવવાહી સંબોધનો. દંભ અને ઠઠારો

નિર્મળ હૈયું નિર્મળ વાણી નયને પ્રેમ તણી સરવાણી,
વિચાર ઊંચા જીવન સાદુ એવું જીવે સાચો સાધુ.

એમનાથી સો જોજન દૂર ભાગે. એમની વાતમાં ગુરુસેવાના અનુભવનો નિચોડ હોય. પોતે બીજાથી કાંઈ વિશિષ્ટ છે એવી વૃત્તિ જ નહિ. અને હૃદયની સરળતા પણ એવી કે નાનાથી મોટા દરેકને પ્રેમાળ પિતાનું - શિરછત્ર મળ્યું હોય એવું લાગે.

નિર્મળ મન, નિર્મળ હૈયું. ઊંચા વિચાર અને સાદુ જીવન. સાધુતા એ વૃત્તિ છે, વેશ નથી એવું પૂ. બાપજીનું વચન એમના જીવનમાં ચરિતાર્થ થતું દેખાય. સરળતા ન કલ્પી શકાય એવી. બધા પ્રત્યે પ્રેમસભર સમતાવાળું વર્તન. કર્મનો બોજો નહિ, સહજ કર્મ કરે તેથી કર્મનું લેપન નહિ. ઓગસ્ટ, ૧૯૯૯માં સંત કવિ પૂ.મકરંદભાઈ દવે અને પૂ.પ્રેમ અવધૂતજીનું કૌશિકભાઈ ઓઝા દ્વારા શિકાગોમાં મિલન ગોઠવાયું. પૂ. પ્રેમ અવધૂતજી સામે પગલે મળવા ગયાં એ એમની સરળતાની પ્રતીતિ કરાવે.

પ્રેમ અને સરલતાનો પ્રતિભાવ કેવો ? સંત કવિના હૃદયમાંથી ભાવનાની પુણ્ય સરવાણી કવિતારૂપે વહેવા લાગી :

*સંત ના મળે તે સારું.*
*અને મળે તો વિખૂટા ના પડે તો સારું.*
*અને વિખૂટા પડે તો વિરહ ના થાય તો સારું.*
*અને વિરહ થાય એના કરતાં પ્રાણ જાય તો સારું.*

કિં કિં ન સાધયતિ કલ્પલતૈવ સેવા ।
સેવાધર્મો પરમ ગહનો યોગિનામપ્યગમ્ય ।

પૂ. પ્રેમ અવધૂતજીને મન તો : 'જે કાંઈ કરે છે એ ગુરુ મહારાજ કરે છે. મને તો કાંઈ ખબર પણ નહિ. હું તો ગુરુ મહારાજના સેવકનો સેવક છું. ''આપણા ગુરુ મહારાજ જે બોલાવશે તે બોલીશ'' એવું નિખાલસ અને નિર્દોષ ભાવે કબૂલે.

ભારતના રાષ્ટ્રપ્રમુખ અને પ્રખર તત્ત્વચિંતક ડૉ. સર્વપલ્લી રાધાકૃષ્ણનનું એક વાર ભગવાન બુદ્ધ ઉપર વિદ્વદ્‌સભામાં પ્રવચન ગોઠવાયું. આ પ્રભાવશાળી અને પ્રખર તત્ત્વવેત્તાનો પરિચય (Introduction) આપતાં એક મૂર્ધન્ય વિદ્વાને કહ્યું કે :

MASTER MIND ON MASTER SUBJECT.

આપણે પણ પૂ. પ્રેમઅવધૂતજીના ગુરુપૂર્ણિમાના પ્રસંગે થયેલા ઉદ્‌બોધન માટે એવું કહી શકીએ કે :

MASTER SOUL ON MASTER SUBJECT

ચાલો, આપણે એમનું ઉદ્‌બોધન વાંચીએ, મનન કરીએ અને એને ઝીલીને જીવનમાં ઉતારીએ કારણકે જાણેલું કામ નહિ આવે, જીવેલું જ કામ આવશે.

અમેરિકા દત્તપરિવારના

સપ્રેમ ગુરુદેવ દત્ત.

ગુરુ બ્રહ્મા ગુરુ વિષ્ણુ, ગુરુ મહેશ્વર દેવ,
પરબ્રહ્મ શ્રીગુરુ નકી, જાણી કરવી સેવ.

## પૂ. પ્રેમ અવધૂતજીનું ન્યૂજર્સી- યુ. એસ. એ.માં ગુરુપૂર્ણિમા નિમિત્તે સંબોધન :

**દિવસ : રવિવાર - અષાઢ વદ ૪ - ઓગષ્ટ ૦૧, ૧૯૯૯**

*ગુરુસેવા જેવું, ત્રિભુવન મહીં સાધન નથી,*
*ગુરુસેવા જેવું પ્રગટ પ્રભુ-આરાધન નથી:*
*ગુરુસેવા જેવું ફલદ વ્રત-ઉદ્યાપન નથી.*
*ગુરુસેવા જેવું ઈતર હૃદયાશ્વાસન નથી.*

સૌ પહેલાં તો, મારા વિષે જે કાંઈ કહેવાયું છે તે બધું આપ સર્વે ભૂલી જજો.

મારો પરિચય કોઈ બીજા આપે તેના કરતાં હું પોતે જ આપું.

એક સામાન્ય માનવી તરીકે અને ગુરુમહારાજના એક બાળક તરીકે તમારી સમક્ષ આ શરીર લઈને આવ્યો છું - તેને ગુરુમહારાજ લઈ આવ્યા છે. હું જાતે ઊઠીને આવ્યો નથી. કેમ આવ્યો છું એ મને ખુદને ખબર નથી; પણ આવ્યો છું તો ખરો જ.....

છતાં એક વાત મારા હૃદયમાં છે. કોઈ મને પૂછે કે : તેં ભગવાન જોયો છે ? તો હું કહું કે : હા.

રામકૃષ્ણ પરમહંસને વિવેકાનંદજીએ આવો પ્રશ્ન કર્યો હતો.

તો... હું એમ કહી શકું કે મેં ભગવાનને જોયો છે.

મેં એને નવરાવ્યો છે, ખવરાવ્યું છે; પીવરાવ્યું છે. મેં શું નથી કર્યું ?

મને એવું લાગ્યું કે મારો ગુરુમહારાજ પ્રસન્ન થયો છે.

અને એની પ્રસન્નતાનું ફળ શું ?

ભગવાનના દર્શન થાય તો ભગવાનના દર્શનનું ફળ શું ? શું ફળ હશે ? કેવું ફળ હશે ?

તુલસીદાસજી મહાત્માએ રામાયણમાં એક ચોપાઈમાં કહ્યું છે કે રામચંદ્ર પ્રભુ જ્યારે વનમાં જવા નીકળ્યા ત્યારે ભરદ્વાજ મુનિના આશ્રમમાં ગયા છે. પછી વનમાં ગયા છે.

રામચંદ્ર પ્રભુ ભરદ્વાજ મુનિના આશ્રમમાં

ઈશ્વર ગુરુમાં ભેદ ના તેમજ નિસંદેહ,
કરે અવિદ્યા નષ્ટ જે, ઈશ્વર ગુરુવર તેહ.

ગયા એ પછી ભરતલાલજી ત્યાં ગયા છે.

ભરતલાલજી જ્યારે ગયા ત્યારે ભરદ્વાજ મુનિ ભરતલાલને કહે છે કે ભરતલાલ, હું મનમાં વિચાર કરતો હતો કે રામજી મારે ત્યાં પધાર્યા અને મેં એમના દર્શન કર્યા. તો એનું ફળ શું?

હું ઘણા સમયથી વિચારું છું. મને આજે એવું લાગે છે કે :

*'તેહી ફલકર ફલ દરશ તુમ્હારા*
*સહિત પ્રયાગ સુભાગ હમારા'*

રામના દર્શનનું ફળ છે ભરતનું દર્શન. ભરતલાલજી તો રામજીના શ્રેષ્ઠમાં શ્રેષ્ઠ ભક્ત છે તો ભગવાનના દર્શનનું ફળ છે ભક્તનાં દર્શન.

તો કદાચ મને મારો ગુરુમહારાજ એવા હેતુથી ના લાવ્યો હોય અહીંયાં!

કે ભારતમાં તો મારા ભક્તોના દર્શન કરતો તું ફર્યો છે. પરંતુ તું પરદેશ જા.

પરદેશમાં મારા કેટલા ભક્તો વસી રહ્યાં છે. એમના દર્શન કર; ને મળ.

લોક શીખં દેવા કરે, સિદ્ધ સ્વયં વર્તન,
ગુરુ વિણ જ્ઞાન નહીં કદા, સદ્‌ગુરુ જ્ઞાનાંજન.

આજે મારા હૃદયમાં એવો ભાવ છે. હું તમને ઉપદેશ આપવા નથી આવ્યો. કોઈ જ્ઞાન આપવા નથી આવ્યો. દર્શન દેવા પણ નથી આવ્યો.

તમે બધાં ભક્તો છો. તમારા બધાંના દર્શન કરવા આવ્યો છું. એવો મારા હૃદયમાં ભાવ છે.

ભગવાન જ્યારે આપે છે ત્યારે લાયકાતવાળાને આપે છે એવું નથી. એ ધારે તો લાયકાત ના હોય તો પણ આપે છે. તો એવા જેનામાં કોઈ લાયકાત ના હોય એમાં મારો નંબર છે. પણ 'કોઈ લાયકાત ના હોય' એ લાયકાત તો છે જ, તો એ લાયકાતના આધારે ગુરુમહારાજે મને એમનો પોતાનો કર્યો છે.

એટલે તમારાથી અલગ છું, કંઈક શ્રેષ્ઠ છું એવો ભાવ મારા હૃદયમાં ક્યાંય ખૂણામાં પણ નથી.

હું તમારો છું, તમારામાંનો છું. તમે બધાં મારા કુટુંબીજનો છો એવું હું હૃદયથી માનું છું. તમે બધાં મારા ઉપર જે પ્રેમ રાખો છો, ભાવ

આર્તબંધુ શ્રી ગુરુ નકી, કલ્પવૃક્ષ સમાન,
ના વિસારે ભક્તને, માનો રંગ પ્રમાણ.

રાખો છો, એ મારી કોઈ લાયકાત નહીં; પણ મારા ગુરુમહારાજનો હું છું એ કારણે જ તેવું સભાનપણે હું સ્વીકારું છું.

આપણે હવે મૂળ વાત પર આવીએ.

ગુરુમહારાજના ચરણમાં બેઠા પછી એમની પાસેથી, એમના માત્ર સાંનિધ્યથી મને જે બે-ત્રણ વાતો સમજાઈ છે અથવા તો ગુરુસેવાનો જે નિષ્કર્ષ છે એનો એક પ્યાલો ભરીને તમારી સમક્ષ ઊભો છું. અને આપણે બધાં એમાંથી એક-એક આચમની ભરી આચમન કરીએ એવો ભાવ મારા હૃદયમાં છે. આથી વિશેષ કાંઈ નથી.

ગુરુપૂર્ણિમાના ઉત્સવનો પ્રસંગ છે.

માટે આજે ગુરુના ગાન ગાઈએ. ગુરુપૂર્ણિમા એટલે શું ?

તમે બધાં ભક્તો છો એવું માનીને હું બોલું છું.

ભક્ત એટલે ગુરુ સાથે જોડાઈ ગયેલી વ્યક્તિ. ભક્તનો અર્થ થાય 'જોડાયેલો'. ગુરુભક્ત હોય એ ગુરુ સાથે જોડાય છે.

ક્ષમા શાંત્યાદિ લક્ષણે ગુરુ શ્રી હરિ સાક્ષાત,
ભક્ત કામધુક્ ત્વત્પદે, તીર્થ સકળ હે તાત.

રામભક્ત હોય તે રામ સાથે જોડાય છે. અને ભક્ત ત્યારે જ કહેવાય જ્યારે એ એની સાથે જોડાય.

તો તમે બધાં, એટલે આપણે બધાં ગુરુભક્ત છીએ એવું માનીને તમારી આગળ બોલું છું.

ગયા વર્ષની ગુરુપૂર્ણિમાએ તમે બધાં મળ્યાં હશો.

ગુરુપૂર્ણિમાનો ઉત્સવ એટલા માટે છે કે આપણે એક વર્ષ જાય એટલે ગુરુજીની પાસે, જેમ પરીક્ષા આપવા જવું પડે તેમ એક વર્ષ થયું એટલે એમની પાસે ગયા. આપણી સામે ભલે એમનું સ્થૂળ શરીર નથી. પરંતુ પાદુકારૂપે તો, અથવા ફોટાના રૂપે તો એ હાજર છે. સચરાચર છે. સર્વમાં સમાયેલો છે. ગુરુમહારાજ સર્વત્ર છે. એવો ભાવ કરીને એની આગળ જઈને બેસવા માટે આપણે બધાં ભેગા થયા છીએ કે હે, ગુરુમહારાજ ! ગઈ ગુરુપૂર્ણિમાએ હું જે હતો તે કરતાં હું આજ કંઈક સારો થઈને તારી પાસે આવ્યો છું. મારો એક અવગુણ ઓછો કરીને હું તારી પાસે આવ્યો છું.

ચરણં પવિત્રં શ્રુતિ કહે સત્ય સત્ય એ વાત,
કોણ દેવ બીજો અહીં ? ગુરુ ત્રીશ સાક્ષાત્.

અને સદ્‌ગુણરૂપી એક ફૂલ લઈને હું તને ચઢાવવા આવ્યો છું.

ગુરુનું માત્ર પૂજન-અર્ચન કરીને જ સંતોષ માનીશું તો ક્યારેય આપણને જે જરૂર છે તે નહીં પામીએ.

માનવ માત્રને ભૂખ છે શાંતિની. એ શાંતિ કેવી ?

સદાને માટે શાંતિ અથવા બીજી રીતે કહીએ તો મોક્ષ.

આપણે મરીએ પછીનો મોક્ષ નથી જોઈતો. મરીએ પછી ભગવાન મોક્ષે લઈ જાય તે મોક્ષ નહીં.

આપણે તો ગુરુભક્તિ એવી કરીએ કે આપણે જીવતાં જ મુક્તિને પ્રાપ્ત કરીએ. મર્યા પછી કોણે જોયું છે? આપણે પછી ક્યાં જોવાના હતા?

તો ગુરુમહારાજનું વચન છે કે

*'જીવતાં દેખલો રે ! માંહે જીવનજ્યોત અલખ.'*

ગુરુમહારાજ બહાર નથી. ગુરુમહારાજ આપણી અંદર જ્યોતિ સ્વરૂપે, આપણા પોતાના આત્મા સ્વરૂપે સ્થિર છે - બિરાજે છે.

દૈન્યહારક તું ગુરો, અદકું તારું દાન,
મારી મૃત્યુ શિષ્યનું કરે અમર અમાન.

*તો 'જીવતાં દેખ લો રે ! માંહે જીવનજ્યોત અલખ.'*
*મૂઆ પછીનો વાયદો નકામો. કોણ જાણે છે કાલ ?*
*'આ જ અત્યારે જોઈ લો રે ! સંતો નગદી રોકડ માલ'*

આ તો રોકડ માલ છે. જ્યારે જોવો હોય ત્યારે હાજર થાય એવો છે.

તમારે શોધવા બહાર જ ના જવું પડે. મંદિરમાં ના જવું પડે અને કોઈ જગ્યાએ ના જવું પડે. તમારું ઘર એ મંદિર અને તમારું હૃદય એ મંદિર. એની અંદર હાજરા-હજુર જ છે. હાજરા-હજુર હોવા છતાં કેમ દેખાતો નથી ? કેમ અનુભૂતિ થતી નથી ? આપણને કેમ સાચી શાંતિ પ્રાપ્ત નથી થઈ શકતી ? એનું કારણ આપણે શોધવું જોઈએ. શું કારણ છે ? શું નડે છે ? બાપજી તો કહે છે કે

*'પણ શું લવું આ ક્યાં ન તું ? જ્યાં ત્યાં રહ્યો વિલસી બધે !*
*દેખે ન અન્ધો શું કરું શ્રદ્ધા વિહોણો રંગ એ !!'*

હે ભગવાન ! તું બધે જ વિલસી રહ્યો છે. આપણો રંગ પ્રભુ સર્વત્ર વિલસી રહ્યો છે.

તો આપણને કેમ દેખાતો નથી, આપણાં પોતાના કરેલાં કર્મોનું એક જાળું.

ઐહિક આમુષ્મિક બધું ગુરુ આપે તત્કાળ,
ના શંકા ઉરમાં કરો, સત્ય વચન નિર્ધાર.

આપણું 'આત્મતત્ત્વ એટલે આપણી અંદર જે દેવ છે, જે પરમાત્મા છે, જે ગુરુમહારાજ છે, અથવા તમારું મૂળ સ્વરૂપ છે આત્માનું તેના પર આવરણ બની ગયું છે.

આપણું આ શરીર છે તે એ પરમાત્માને રહેવાનું મંદિર છે.

*Physical body is the temple of God.*

તમે એને તમારું શરીર માનીને જ બગાડી દીધું છે. તમે એને પરમાત્માનું મંદિર માનો.

તમારો અંદર બેઠેલો આત્મા એ પરમાત્મા જ છે. આપણે ભૂલા પડી ગયા છીએ. તો હવે આપણે જે જાળું ગૂંથ્યું છે. એ આ પરમાત્મ તત્ત્વ પર આવરણ બની ગયું છે.

ફાનસનો ગોળો હોય, તેની આજુ બાજુ મેશ (કાળું) લગાવી દઈએ - કલર જેવું કાંઈક લગાવીએ તો આપણું આત્મતેજ સતત પ્રકાશતું હોવા છતાં તે આપણી અંદર હોવા છતાં એનો અનુભવ નથી કરી શકતા એ એનું કારણ છે.

આપણા સારાં માઠા કર્મોનું એક જાળું એની ચારે તરફ લાગી રહ્યું છે. આ જાળાને જ્યાં સુધી

બે અક્ષરનો મંત્ર એ, તારે નિઃસંદેહ,
ભવ બાધાહારક નકી, મંત્રોત્તમ ગુરુ તેહ.

દૂર ન કરીએ ત્યાં સુધી સુખ અને શાંતિ ક્યારેય નહીં મળે. સુખ તો અહીંયાં મળશે. તમને ભૌતિક સુખ તો ઘણું ભગવાને આપ્યું છે. "સ્વર્ગ છે તમારું અમેરિકા તો."

પણ 'સુખ' એટલે દશ ઇન્દ્રિયોથી ભોગવાય એનું નામ સુખ. પાંચ કર્મેન્દ્રિયો અને પાંચ જ્ઞાનેન્દ્રિયોથી જે ભોગવાય એનું નામ સુખ કહેવાય.

પણ શાંતિ ? શાંતિ તો ક્ષિતિજની માફક દૂર દૂર છે. સાચી શાંતિ તો મનની શાંતિ હોય તેને કહેવાય.

મનની શાંત અવસ્થા. મન જેટલાં સંકલ્પો ઓછા કરે ને અમન થાય એટલી જ શાંતિની પળો તમે માણી શકો.

શાંતિ તો.. જો મનની શાંતિ ના હોય તો ધનની શાંતિ કોઈ દિવસ શાંતિ આપી શકતી નથી. તમારે પાંચ દિકરા અને મોટું કુટુંબ-પરિવાર હોય, કરોડો રૂપિયા હોય કે અબજો રૂપિયા હોય કે ગમે તેટલી સુખ-સગવડ હોય; પણ તમને જો મનમાં શાંતિ નહીં હોય તો તમને

એ સાચું સુખ નહીં મળે.

મારી જોડે ઘણા અબજોપતિ લોકો અને કરોડપતિ પણ આવે છે.

હું જ્યારે એમની વેદના જોઉં છું ત્યારે મારું અંતર કકળી જાય છે. મને એમ થાય કે આનું દુઃખ હું કેવી રીતે લઉં? એવું દુઃખ હોય છે કે મિટાવી ના શકે અને સહન ન કરી શકે.

ત્યારે મને એમ લાગે છે કે પૈસો એ ભૌતિક સુખ આપે પણ એ સાચું સુખ નથી.

તો આમ એ માત્ર સુખને મેળવવા માટે નહીં; પણ સુખશાંતિ મેળવવા માટે આપણે પ્રયત્ન કરવાના છે. શાંતિ તે જ સાચી મુક્તિ છે. મુક્તિની વ્યાખ્યા બીજી કોઈ નથી.

*'સર્વ ક્લેશ વિનિમુક્તિ.'*

કોઈ જાતનું તમને દુઃખ ના હોય અને મનની શાંત અવસ્થા હોય. બસ એનું નામ મોક્ષ. મોક્ષ કાંઈ આકાશ-પાતાળમાં લેવા જવાનું નથી. આપણે મુક્ત જ છીએ, પણ સમજ નથી. બધાં શાંતિથી બેસતાં શીખો તો સર્વ કાંઈ અંદર જ છે. બહારથી લાવવાનું નથી.

ગુરુ સ્મરણ કરે સદા, પૂજ્ય થાય નર તેહ.
ગુરુનામામૃતપાનથી જાય મરણ સંદેહ.

આજે ગુરુપૂર્ણિમા છે. એ નિમિત્તે આપણે વાત કરવી છે.

ગુરુનું કર્તવ્ય શું ? તો મોક્ષ એ બહારથી લાવવાનો નથી. શાંતિ બહાર નથી. શાંતિ એ આપણા અંદર જ એક શીતળતારૂપે છૂપાઈ છે.

અંદર છૂપાયેલી - અંદર રહેલી ચીજને બહાર શોધીએ તો કાંઈ હાથમાં આવવાની નથી.

બહુ દૂર પશ્ચિમ તરફ ગયા છીએ તો થોડાક પાછા વળી જઈએ અને પૂર્વ તરફ મોં ફેરવી લઈએ તો — સદ્‌ગુરુ મહારાજ છે એ તમને પશ્ચિમમાંથી પૂર્વ તરફ મોં ફેરવાવી દેશે.

બાપજી કહે છે : દીકરા, તું ખોટો દોડ દોડ કરે છે. તું જે શોધે છે તે એ તરફ નથી. એ તો આ તરફ છે. થોડો ફરી જા.

આપણાં કર્મોનાં જાળાં આપણને અંદરની જે શાંતિ છે એનો અનુભવ નથી કરવા દેતાં. આપણે પોતે જ આપણને મળી શકતા નથી. જે ચોવીસ કલાક પાસે હોવા છતાં આપણે પોતે આપણને ક્યારેય મળી શકતા નથી. આપણે

એક ભાવથી જે ભજે ગુરુને નિઃસંદેહ,
પામે સકલાભીષ્ટ ને થાય મુક્ત નર તેહ.

આપણને મળીએ તો પરમતત્ત્વને મળી જ ગયા. પછી તો કાંઈ જ કરવાનું રહ્યું નહીં.

તો ગુરુમહારાજ શું કરે છે ?

તમને મોં ફેરવાવી દે છે. આમ દોડો છો તો આમ ફેરવી નાંખો.

અને પછી બતાવે છે કે તું જે શોધે છે એ અહીંયાં તારી અંદર જ છે, પણ તારું જ કર્મ આવીને ચારે તરફ વીંટળાઈ ગયું છે, બેટા એટલે તને તારો અનુભવ નથી થતો. એમાંથી એક-એક તારા અવગુણ હોય તેને દૂર કર.

રોજ રાત્રે પાંચ મિનિટ બેસવું, દશ મિનિટ બેસવું; એકલા બેસવું.

આ બધું તમે ભક્તો છો એટલે કહું છું.

ભક્ત એટલે ગુરુ મહારાજ સાથે જોડાયેલી વ્યક્તિ અથવા જોડાવા માટે તત્પર હોય એવી વ્યક્તિ.

આપણો એક ભાગ થોડો સાફ કરી નાંખીએ એટલે પ્રકાશ બહાર આવશે. બીજું થોડું સાફ કરીએ, ત્રીજું સાફ કરીએ. એમ થોડાક થોડાક સમયે આપણે એને સાફ કરતા રહીએ. હવે

ભજો શ્રીગુરુ નિશ્ચયે, થશે કામના પૂર્ણ,
કાર્ય સિદ્ધિ સત્વર નકી, આવ્યો અનુભવ તૂર્ણ.

આપણે કરીએ છીએ તો એ જ કામ. પૂજા-પાઠ કરીએ છીએ.

બે-પાંચ મિનિટ તો બધાં આપતા જ હશો.

એટલો સમય તો આનંદ-આનંદ છે. આખું જગત ભૂલી જઈએ છીએ.

પારાયણ કરવા બેસશો અથવા ગુરુલીલામૃતનો એક અધ્યાય લઈને બેસશો કે કોઈ ધર્મગ્રંથ લઈને બેસશો, એટલે તમારો એક-એક પડદો ખૂલે અને એમાંથી શાંતિની લહેર કે પ્રકાશ આવે એટલે તમને લાગે હાશ ! આજે કેટલો બધો આનંદ આવ્યો !

અહીંયાં આપણે હાલ બેઠા છીએ. તમે બીજા કંઈ વિચાર કરતા નથી. અત્યારે બધાંના મનમાં સંસાર નથી. બધાંનું મન એક જગ્યાએ કેન્દ્રિત છે. તમને બધાંને આનંદ છે.

આ એનું કારણ છે. અત્યારે પેલો એક ભાગ ખોલ્યો છે. એમાંથી પ્રકાશ આવે છે.

એ શાંતિનો એક ભાગ આપણે અનુભવ્યો. પણ પછી શું કરીએ છીએ ? એને ખૂલ્લું રહેવા દેતા નથી. એને પાછું ઢાંકી દઈએ

અસાર દુસ્તર સંસૃતિ તરવા સુલભ ઉપાય,
ગુરુ ભજન વિણ અન્ય ના, અત્ર પરત્ર સદાય.

છીએ.

તો ગુરુ મહારાજ કહે છે, કે તું ખોલ; પણ પછી એને ઢાંકતો નહીં.

એવું કર્મ ના કર કે પેલું ઢંકાઈ જાય. તો એક પછી એક પડ એવી રીતે સાફ કરતા રહીએ.

ચારેય તરફ જો ગોળો સાફ થયો તો સંપૂર્ણ પ્રકાશ પ્રાપ્ત થશે.

માનવજીવનનું કર્તવ્ય જ આ છે.

તો ગુરુ મહારાજ શું કરે છે કે તમારું પશ્ચિમમાંથી પૂર્વ તરફ મોં ફેરવીને તમારા દોષો તમને ખુલ્લા કરવાની તક આપે છે.

અને એક વર્ષ થાય એટલે મારે ત્યાં આવીને પરીક્ષા તું આપી જજે.

આજે આપણે બધાં પરીક્ષા આપવા માટે અહીંયાં આવ્યા છીએ.

ગુરુ મહારાજ આપણા બધાંના પેપર જોઈ રહ્યા છે. કેવું છે પેપર તારું, લાવ.

ચલ, આટલા ટકા. આટલા ટકા પછી સંકલ્પ કરવાનો આ ગુરુપૂર્ણિમાએ, કે હે ગુરુ

કૃષ્ણ કૃષ્ણ કરતાં થઈ ગોપી કૃષ્ણ સ્વરૂપ,
ગુરુ ગુરુ કરતાં શિષ્યનું રહે ન પૂર્વ સ્વરૂપ.

મહારાજ ! મારો ક્રોધ એવો છે કે તેને હું નથી છોડી શકતો. પણ આવતા વર્ષ સુધીમાં મારો ક્રોધ છોડીને જ આવવાનો છું - અને પછી ક્રોધ કરવાનો નહીં.

અને ક્રોધ આવે તો શ્વાસ સાથે '**ૐ ૐ**' કે 'ગુરુદેવ....ગુરુદેવ....' કરવાનું.

એમ કરીને આપણે પરીક્ષા આપવા માટે ગુરુપૂર્ણિમાએ આવવાનું છે.

સમજપૂર્વકનું નિયંત્રણ હોવું જોઈએ નહીં તો સ્પ્રિન્ગની માફક બે ગણા (બમણા) જોરથી ઉછળશે.

ગયા વર્ષે તમે સંકલ્પ કર્યો હોય તે પૂરો થાય. બાપજી આગળ રજૂ કરી દો અને પાછું નવું કાંઈ મનમાં લઈને જાઓ કે આવતી ગુરુપૂર્ણિમાએ આ લેસન લઈને આવીશ. તમે પ્રયોગ કરી જોજો, સાચું છે કે નહીં.

આ છે આપણી ગુરુભક્તિનો હેતુ. નહીં તો એક હજાર જન્મ સુધી રખડયાં કરીશું તોય પાર નહીં આવે. તમે બધાં ગુરુમહારાજના છો એવું તમને બધાંને લાગે છે.

માટે અનન્ય ભક્તિથી ભજતાં ગુરુવર એક,
મોક્ષાદિક ફળ સહુ મળે, કહ્યો શાસ્ત્ર વિવેક.

લાગે છે ને કે મારો ગુરુમહારાજ છે? દરેકને, એક એક વ્યક્તિને, બધાંને એવું લાગે છે કે એ મારો છે, પણ મારો અનુભવ તમને કહું છું. એક વાત બરાબર સમજજો.

આપણે ગુરુમહારાજને 'મારો છે' એમ કહીએ એ તો બરાબર છે.

પણ મુસલમાન લોકો લગ્ન કરે ત્યારે 'નિકાહ કબૂલ', 'નિકાહ કબૂલ' એમ ત્રણ વખત પૂછે અને સામેવાળી વ્યક્તિ ના પાડે તો નિકાહ ફોક થાય છે.

તો આપણે ગુરુ મહારાજને પૂછવાનું કે, હું તારો છું?

જો ગુરુ મહારાજ કહે હા, મારો છે તો નક્કી થઈ ગયુ. આપણે ગુરુ મહારાજની આંગળી પકડીશું તો એક દિવસ છોડી દઈશું. પણ એણે જો હાથ પકડી લીધો તો બેડો પાર.

આપણે એવા બનવું છે કે ગુરુમહારાજને હરખ થાય ને આપણો હાથ પકડે.

એ ક્યારે હાથ પકડે એ આપણે વિચારીએ. ગુરુ મહારાજ કહે કે તું મારો છે,

સદ્ગુરુ આશીર્વાદ જે વૃથા કેમ તે થાય ?
નિષ્ઠા જેવી અંતરે, ફળ તેવું જ પમાય.

ત્યારે ગુરુ મહારાજ સાથે આપણો સંબંધ પાકો થાય છે. એ 'ના' કહે ત્યાં સુધી પાકો થાય નહીં.

ભલે, આપણે 'મારો, મારો' કરતા હોઈએ. આપણા જીવનની શુદ્ધિ ક્યારે કહેવાય તે બરાબર સમજજો.

*"નેક કમાઈ કર લે ભાઈ, ઈસમેં સબ કુછ આઈ"*

આ બાપજીના જ વચનો છે. બને તેટલું જીવનમાં પવિત્રતાથી જીવવાનું શીખો, જો મોક્ષની શાંતિ જોઈતી હોય તો.

આપણા પોતાના અવગુણોની ખબર હોવા છતાં આપણે એને છોડી શકતા નથી.

એ છોડવા માટે ગુરુમહારાજનો સહારો લઈને..., એમના શરણે જઈને..., પ્રાર્થના કરીને અવગુણો છોડવા પડે.

અને એ અવગુણ જો છોડી દઈએ, અને ગુરુમહારાજ જો પ્રસન્ન થાય, અને કહી દે કે 'તું મારો છે' એટલે બેડો પાર. આપણે બધાંને એવા બનવું છે. આપણા જીવનની સાચી શુદ્ધિ કરવી છે.

કામધેનૂપમ નકી, શ્રીગુરુ ચરિત્ર જાણ,
તાપ દૈન્યહર ભક્તિ જો, માન મોક્ષની ખાણ.

આપણે ગુરુ મહારાજને એક વ્યક્તિ તરીકે નથી પૂજવા. વ્યક્તિ તરીકે પૂજ્યા તો ફસાઈ ગયા.

ગુરુમહારાજ સર્વવ્યાપક છે, તેવું સમજીને આપણે પૂજવાના છે.

જ્યારે ગુરુ મહારાજની ભક્તિ સફળ થાય છે ત્યારે ગુરુમહારાજ સર્વત્ર દેખાય છે. આ એની ભક્તિનું ફળ છે.

તમે ગુરુભક્તિ કરી એનું ફળ શું ?

એ સફળ ક્યારે કહેવાય ? જ્યારે તમારો ગુરુમહારાજ આખા બ્રહ્માંડમાં - એક એક અણુ અણુમાં વ્યાપેલો દેખાય ત્યારે માનવાનું કે આપણી ભક્તિ સફળ છે.

એ સંબંધ પાકો ક્યારે કરે છે ? આપણું જીવન શુદ્ધ થાય તો જ.

આપણો દીકરો જો આપણું કહ્યું કરતો હોય તો કેવો વહાલો લાગે છે ! અને તેથી તમારી છાતી ફૂલાઈ જાય છે કે મારો દીકરો મારું કેટલું કહ્યું કરે છે.

તો ગુરુ મહારાજનું કહ્યું કરીએ નહીં તો એ

શિષ્યોને તારક અહીં ગુરુ વચન નિર્ધાર,
હોય ભાવના શુદ્ધ તો પામે ફળ તત્કાળ.

સંબંધ પાકો ના કહેવાય. એ હાથ નહીં પકડે.

ગુરુમહારાજ એમ કહેતા કે, હું જેનો હાથ પકડું છું તેને જીવનમાં કદીય છોડતો નથી.

તેમનો એક અનુભવ કહું.

ગુરુ મહારાજ ૧૯૬૭માં આફ્રિકા જવા પહેલા લીંચ રોકાયેલા. બાવીસ દિવસ રોકાયા હતા. એક દિવસ ભિક્ષા લીધા પછી આરામ કરવાની વખતે અમે બંને એકલા હતા.

મને એમણે પૂછ્યું કે, 'હું અહીંયાં કેટલી વખત આવ્યો ?'

મેં કહ્યું : 'બાપજી, ચાર વખત આવ્યા.'

ત્યારે તેમણે કહ્યું કે 'મને તો ત્રણ જ વખતનું યાદ છે.'

મેં કહ્યું : 'ના, ચાર વખત.'

તો એમણે કહ્યું : 'સારું.'

પછી એમણે પૂછ્યું : 'અહીંથી નારેશ્વર કેટલું થાય ?'

મેં કહ્યું : '૧૫૦ માઈલ થાય.'

બાપજી કહે : 'એમ....! અરે ક્યાં નારેશ્વર અને ક્યાં તારું લીંચ.' (નારેશ્વર તરફ

મંત્ર, તીર્થ, દ્વિજ, દેવમાં, ગણક વૈદ્ય, ગુરુમાંહ્ય
જેવી જેની ભાવના સિદ્ધિ તેવી થાય.

હાથ લાંબો કરીને કહ્યું.)

'આ સંબંધ અગાઉથી ચાલ્યો આવ્યો છે. મારો અને તારો આ જન્મનો આ સંબંધ નથી. જનમોજનમનો સંબંધ છે' એવું મને કહ્યું.

પણ મેં મનમા વિચાર્યું કે, તમારે જનમ ના લેવો પડે એવું કાંઈ કરજો. એટલે જો તમારો જનમ નહીં થાય તો જ મારો જનમ નહીં થાય. એવું મારું કહેવાનું હતું.

મનમાં જ એવું બોલેલો :

ગુરુ મહારાજ, તમારો જનમ ના થાય એવું કાંઈક તમે કરજો.

મારે તારી પાસે માગવું નથી કે મારો જનમ ન થાય.

તો એટલો નિશ્ચય કરજો કે અહીંયાં જે બેઠા છો એ બધાં ય કેટલા જન્મોથી ગુરુ મહારાજના બનીને આવ્યા છો એટલે તો અહીંયાં ભેગા થયા છો. અને તમારા માટે એ જ રંગ અવધૂતે કેટલાય જન્મો લીધા હશે અને જ્યાં સુધી તમે એના બનીને રહેશો ત્યાં સુધી તમારો હાથ પકડ્યો છે એ કદીય છોડશે નહીં. તો એવું કરજો કે તમારો હાથ એને

દુષ્કર ગુરુભક્તિ નકી, દઢ વૃત્તિથી જેહ
સ્વીકારે, ના તેહને કાલ, ભીતિ સંદેહ.

પકડાવી દેજો. બસ, જીવનનું કર્તવ્ય તમારું પૂરું થઈ જશે.

એ તમારો હાથ નહીં છોડે એવો મને વિશ્વાસ છે.

અને એ વિશ્વાસથી અંદરના મારા ભાવથી કહું છું કે જો એવું ના હોય તો આ સંબંધ અગાઉથી ચાલ્યો આવ્યો છે એવું કહેવાનો અર્થ શું... કે કેટલાંય જનમથી તારો ને મારો સંબંધ છે અને મારે તારે માટે જનમ લેવો પડે છે. તો હું તમને બધાંયને કહું છું કે આપણે બધાંએ એનો હાથ પકડવાનો છે, જેથી જીવન પરિશુદ્ધ થઈ જાય. અને ગુરુમહારાજ પ્રસન્ન થઈને હાથ પકડે અને કહે કે, બેટા ! હવે તું મારો છે.

આપણે કહીએ એના કરતાં એ કહે ત્યારે પતી ગયું.

તો ગુરુભક્તિનું ફળ છે કે ગુરુ મહારાજના સર્વત્ર દર્શન કરવાં-એને સર્વમાં જોવો ને જોઈને બેસી નહીં રહેવાનું. કોઈ પણ પ્રાણી કે માનવ કે વનસ્પતિ કે સર્જનમાત્ર - સર્વને જો મદદની જરૂર હોય તો એને ઉપયોગી થવાનું. આવું

ગુરુ સેવા પદ્ધતિ લહે તે જાણે સહુ વેદ,
મંત્ર, તંત્ર, કિંકર સહુ, ન રહે કાંઈ ખેદ.

જીવન જીવીએ ત્યારે માનવાનું કે હવે આપણે ગુરુના સર્વત્ર દર્શન કરતા થયા છીએ.

સંત એકનાથ ગંગોત્રીથી ગંગાજળ લઈને નીકળ્યા છે. ગંગાજળ રામેશ્વર મહાદેવજી પર ચડાવવા લાવ્યા છે. રસ્તામાં ગધેડાને એ પાણી પાઈ દે છે; એનો અર્થ શું ?

એકનાથને શિવજી ગધેડામાં દેખાય છે. તેથી પાણી પાઈ દીધું.

બધા કહે છે કે તમારે તો આ મહાદેવજી ઉપર ચડાવવાનું હતું. પણ એ કહે છે કે આ મારો મહાદેવ છે. તો આપણે બધાં એવા કેમ ના હોઈએ કે આપણો રંગ બધાંમાં છે. અને કોઈપણ પ્રાણી દુઃખી હોય અને કોઈને કંઈ પણ જરૂરત હોય તેને ઉપયોગી થઈએ. જેથી ગુરુમહારાજ પ્રસન્ન થાય.

આવા પ્રસંગે આંખ બંધ કરીને ચાલો ત્યારે સમજવાનું કે તમારી ફરજ ચૂક્યા.

ગુરુ મહારાજ બેઠો બેઠો હસશે કે, ખરો છે મારો દીકરો. પૂજા મારી કરે છે અને હું સર્વમાં છું, અહીંયાં છું એની એને ખબર નથી. કોઈની

ગુરુ સેવા જે આદરે કરે, થાય તે પાર,
ક્યાંથી તેને દુઃખ ? એ સદા સુખી નિર્ધાર.

પણ ભક્તિ કરો - રામ, કૃષ્ણ, સ્વામીનારાયણ, માતાજી કે કોઈની પણ ભક્તિનું ફળ છે : સર્વત્ર પરમાત્માના દર્શન કરવા. એ એનું ફળ છે. બીજું કાંઈ નહીં.

અને જો તમે એનાથી વિમુખ થઈ ગયા અને જો ઉલટા માર્ગે ચાલો, તો કેટલાય જન્મો સુધી આપણું ઠેકાણું નહીં પડે. તમે જે જગતમાં બેઠા છો એ જગતમાં પરમાત્મા સર્વત્ર છે તેમ બાપજીએ પોતે લખ્યું છે.

*"જગમેં પ્રભુ કો, પ્રભુકો જગમેં*
*ઈક તાર નિહાર ફીરો મનુવા"*

જગતની સાથે નાતો તોડીને ભક્તિ કરવા માગતા હો તો એ ખોટું છે. જગત ભગવાનનું સ્વરૂપ છે; મારા ગુરુ મહારાજનું સ્વરૂપ છે એમ માનીને એની જોડે વર્તન કરો.

જ્યારે અન્ય કોઈ-બીજાની સાથે પણ વર્તન (Behaviour) કરવામાં આવે ત્યારે તમારા હૃદયમાં તમારો ગુરુ મહારાજ બેઠો છે એ તમને કહે છે કે આની સાથે કેવી રીતે વર્તીશ ? બેટા, એમાં પણ હું છું.

અસાર આ સંસારમાં સાર ગુરુ કથા જાણ,
લાગે દેવે રંગ જો, થાય દેવ હેવાન.

અને એ વખત જો તમે બરાબર વર્તન (Behaviour) ના કર્યું તો એ પકડેલો હાથ છોડી દેશે.

હૃદયમાં ગુરુ મહારાજ છે, બહાર ક્યાંય શોધશો નહીં. એને સાથે રાખજો.

મંદિરમાં ના બેસાડતા, એને સાથે રાખજો. જીવનની પરિશુદ્ધિ આવી રીતે થાય છે.

કાંઈપણ કર્મ કરવાનું આવે અને આપણને બરાબર નથી લાગતું ત્યારે ગુરુ મહારાજને પૂછો કે, હું કરું છું એ તને ગમશે ? નહીં ગમે ? બસ, એને ગમે એ જ કરવાનું.

એને પૂછી પૂછીને જીવતા શીખીએ તો ગુરુ મહારાજ પ્રસન્ન થાય. અને તમને સર્વત્ર દર્શન થાય. બધે સમદૃષ્ટિ થાય એ માનવજીવનનું લક્ષ્ય છે.

માનવે માનવની સેવા કરવી. સેવાનો અર્થ છે : જેને જરૂરત હોય તેને આપણાથી બને તેટલું ઉપયોગી થવું એ સેવા. તો કોઈપણ પ્રાણીની સેવા એ તેનું સાચું દર્શન છે.

તુલસીદાસજીએ લખ્યું છે કે :

ગંગા પાપ હરે, શશી તાપ, કલ્પતરુ દૈન્ય,
શ્રીગુરુ દર્શન એકદમ, પાપ, તાપ ને દૈન્ય.

*"સિયારામ મય સબ જગ જાની*
*કરહુ પ્રનામ જોરી જુગ પાની"*

તુલસીદાસને સર્વમાં રામના દર્શન થાય છે. એ એની ભક્તિનું ફળ છે.

એકનાથની ભક્તિનું ફળ સાચું છે.

આપણને ગુરુ મહારાજ માટે આવું થવું જોઈએ.

*"સિયારામ મય સબ જગ જાની*
*કરહુ પ્રનામ જોરી જુગ પાની"*

ક્યારે બોલાય છે આ ? જ્યારે સદ્ગુરુની કૃપા થાય છે ત્યારે. એટલું બરાબર સમજજો.

તમે એકલા કે બે-પાંચ માણસોને સાથે લઈને સેવા કરવા જશો અને સેવા કરશો તો આવતી ગુરુપૂર્ણિમાએ તમને લાગશે કે હું મારા ગુરુ મહારાજની નજીક જઈ રહ્યો છું. અંદર બેઠેલો મારો ગુરુમહારાજ પ્રસન્ન છે. એ વિના આપણે મુક્તિ કે શાંતિ ક્યાંય નહીં પામીએ.

નામદેવ ભક્ત થઈ ગયા. વિઠ્ઠલ ભગવાન એમની સાથે વાતો કરતા હતા. ત્યારે સંતોની મંડળીમાં કયો ભક્ત સાચો એની પરીક્ષા કરવાની

ગુરુકૃપા ફળ એહવું, દુર્લભ ત્રણે લોક,
ગુરુકૃપા થતાં મળે દુર્લભ ત્રણે લોક.

હતી.

ગોરા કુંભારે હાથમાં પેલું માટલાં ઘડવાનું લાકડાનું ટપલું લઈને બધાંના માથા ઉપર લગાવી દીધું. બધાં પાકા નીકળ્યાં અને નામદેવ કાચો નીકળ્યો.

ગોરા કુંભારે કહ્યું કે તું કાચો છે. તેને ખરાબ લાગ્યું કે મારી સાથે વિઠ્ઠલ વાતો કરે ને હું કાચો? એનું અહમ્ ઘવાઈ ગયું. એકદમ દોડીને વિઠ્ઠલના મંદિરમાં જઈને કહે છે કે ગોરો કુંભાર મને કાચો કહે છે.

વિઠ્ઠલ કહે : હા, દીકરા, તું કાચો છે.

નામદેવ કહે : તમે મારી સાથે વાતો કરો તો ય હું કાચો?

વિઠ્ઠલ કહે : હા, દીકરા, હજી તું મને મારી મૂર્તિમાં જ માને છે. હું સર્વત્ર છું તેવું માનતો નથી-અનુભવતો નથી. સાડા ત્રણ હાથની મૂર્તિમાં કેદ કરેલો જુએ છે. તેથી તું કાચો છે. હું કહું છું કે, તું કાચો છે.

એની (નામદેવની) આંખો ખૂલી ગઈ. કહે કે, શું કરું?

થતાં અનુગ્રહ ગુરુ તણો, થાય સુખે ભવ પાર,
ચિંતા, દુઃખ મટે સહુ, જય જય તારણહાર.

વિઠ્ઠલ કહે : જા, કોઈ સદ્‌ગુરુના ચરણે પડી જા. એનું શરણ લઈ લે અને તારું **અહમ્** મૂકી દે. તારું 'હું' કોઈ સંતના શરણે જઈને મૂક ને તેની સેવા કર.

વિઠ્ઠલ કહે છે : જો, વિસોબા ખેચર નામનો બ્રાહ્મણ છે, સામાન્ય માણસ છે. પણ સાચો સંત છે. એની પાસે જા.

પછી નામદેવ ઘરે આવીને વિસોબાને મળવા નીકળે છે. એટલે ખાવાનું બનાવીને તેની પત્નીએ આપ્યું. તે લઈને ચાલતા નીકળ્યા. રસ્તામાં ભૂખ લાગી એટલે ખાવા બેઠા. કૂતરું આવ્યું. તેને ધોકો લઈને મારવા એની પાછળ પડી ગયા. કૂતરું ગયું પછી ખાવા બેઠા. જમીને વિસોબાના ગામમાં ગયા. ગામમાં પૂછ્યું તો એની પત્નીએ કહ્યું કે એ જંગલમાં મહાદેવના મંદિરમાં હશે. એ ત્યાં ગયા તો એ (વિસોબા ખેચર) બે પગ મહાદેવના લિંગ ઉપર મૂકીને સૂઈ ગયા હતા. એને જોઈને નામદેવને થયું કે આ મારું શું કલ્યાણ કરવાનો ? જેને પગ ક્યાં મૂકવા એનું ભાન નથી. નામદેવ પાછા વળ્યા.

તુષ્ટ થતાં ગુરુ સ્હેજમાં થાય નર સર્વજ્ઞ,
અષ્ટ સિદ્ધિ વશ ક્ષણ મહીં, થાય સર્વશાસ્ત્રજ્ઞ.

વિસોબાને તો ખબર હતી કે નામદેવ આવે છે ગુરુ કરવા.

વિઠ્ઠલે કહ્યું હતું કે તું નામદેવને બરાબર સીધો કરીને મોકલજે. એ નામદેવ કેમ પાછો વળ્યો ? નામદેવ કહે કે હું આવ્યો ગુરુ કરવા, દર્શન કરવા, પણ તમારો ઢંગ જોઈને હું પાછો ફર્યો.

વિસોબા કહે કે હું ઘરડો થયો, મારા પગ ઉપાડીને મૂકવાની તાકાત નથી. તું એમ કર, કે મારા પગ ઉપાડીને જ્યાં લિંગ ના હોય ત્યાં મૂકી દે.

નામદેવે પગ ઉપાડીને મૂક્યા તો બીજું લિંગ તૈયાર થયું. ત્રીજું તૈયાર થયું. અને જેમ જેમ મૂકતો ગયો એમ લિંગ તૈયાર થતાં ગયા.

નામદેવનું અહમ્ હતું તે ઓગળી ગયું. અને સાષ્ટાંગ પ્રણામ કરી દીધા. એનું 'હું' ગુરુના ચરણમાં મૂકી દીધું. અને ગુરુના શરણમાં મૂકતાની સાથે ગુરુએ મસ્તકે હાથ મૂક્યો. અને એને સમદૃષ્ટિ આપી. સમદૃષ્ટિ એટલે બધાંમાં ભગવાન છે એવું સમજીને એની સાથે વ્યવહાર કરવો એનું નામ સમદૃષ્ટિ છે. માત્ર મોઢેથી

ગુરુ સંતોષે શું નહીં ? થાય સકળ સુસિદ્ધ,
ગુરુ સંતુષ્ટ થતાં ક્ષણે સકળ શાસ્ત્ર સુસિદ્ધ.

બોલવાનું નહીં.

નામદેવ પાછા વળ્યા. અને રસ્તામાં ભૂખ લાગી એટલે ખાવા બેઠા.

એ જ જગ્યાએ કૂતરું આવ્યું. સાથે ઘીની વાટકી છે. કૂતરું ખાવાનું ભાતું લઈ ગયું એટલે નામદેવ પાછળ દોડ્યા.

ઓ વિઠ્ઠલ, ઓ વિઠ્ઠલ, ભાખરી કોરી છે. આ ઘી લગાડવાનું બાકી છે. હું ઘી લગાવી આપું. ઊભો રહે, ઊભો રહે.

ગુરુકૃપાનું ફળ શું છે તે હવે આપણને સમજાયું હશે.

તેને સર્વમાં વિઠ્ઠલ દેખાયા. આપણને ગુરુમહારાજ સર્વત્ર દેખાય, રામમાં દેખાય, દત્તામાં કે ઉપાસ્ય દેવમાં દેખાય એનું નામ ભક્તિની સફળતા. આ છે ભક્તિનું ફળ.

તો આપણે ગુરુભક્તિ એવી કરવી કે મારો રંગ મને સર્વત્ર દેખાય. અને મારો ગુરુ મહારાજ મારા વર્તનથી પ્રસન્ન થાય. બસ, એ પ્રસન્ન થાય અને હાથ પકડે એ જ જીવનની સાર્થકતા છે.

એવો જ બીજો પ્રસંગ છે. ગુરુજી આપણને

દૈન્યહારિણી ગુરુકૃપા, કલ્પવૃક્ષ સાક્ષાત્,
થતાં અમૃત હેલી, ક્યાં રહે મોતની વાત ?

શું આપે છે તે જોઈએ.

નરસિંહ મહેતાના ભગવાને બાવન પરચા પૂર્યા છે. એમને પોતાને એવું અભિમાન હતું કે હું જ સાચો ભક્ત છું. કારણ કે મારા ભગવાને મારા કેટલા પરચા પૂર્યા છે. એવું અહમ્ હતું.

ભક્તમાં અહમ્ હોય તો કામ ના આવે. પાણીથી પાતળો થઈને જીવે એ ભગવાનનો ભક્ત.

જ્ઞાનનું પણ અભિમાન ખરાબ છે. અભિમાન હોય તો પછી ગોપીઓના ચરણમાં પડવું પડે.

ઉદ્ધવજીને જ્ઞાનનું અભિમાન હતું. ભગવાને મોકલ્યા. જા, સાચી ભક્તિને સમજ, ને તારું અહમ્ મૂકી દે. ગયા ને અહમ્ ઓગળી ગયું. આ છે ભક્તિનો મહિમા.

પહેલાના વખતના સંતો ભારતમાં વિચરતા અને સંતોને મળતા. તેવી રીતે નરસિંહ મહેતા, મહારાષ્ટ્રમાં રાંકા ને બાંકા પતિ-પત્ની ભક્ત હતા, તેમને મળવા ગયા.

તો મહોલ્લાના ઝાંપાથી પૂછ્યું કે રાંકા-બાંકાનું ઘર ક્યાં આવ્યું ?

ગુરુકૃપા વિણ પાંગળી, વાણી સૌની જાણ,
બુદ્ધિ આંધળી દેવ હે ! સૂઝે કાંઈ ન માન.

રાંકા બાંકા ભક્ત છે. લાકડાં કાપીને પોતાનો જીવનનિર્વાહ કરે છે.

ભગવાન કાંઈ રાજમહેલમાં નથી હોતો. એ તો જે નીતિ પ્રમાણે જીવન જીવે છે એમના ઘરે ભગવાન સામે ચાલીને જાય છે.

ઝાંપે રાંકા-બાંકાના જ છોકરાં રમતાં હતાં.

નરસિંહ મહેતાએ કહેવડાવ્યું કે, 'તમારી બાને ખબર આપો.' છોકરાઓ દોડીને ગયા.

'બા, બા, નરસિંહ મહેતા ભગત આવ્યા છે.'

એની બા રસોઈ કરતી હતી. એટલે બા બોલી કે કોણ, પેલો નરસિંહ આશીયો ?

'આશીયો' એટલે ભગવાનની આશા રાખનારો.

આ 'આશીયો' શબ્દ કાને પડતાની સાથે નરસિંહનું રોમે રોમ ઝણઝણી ઊઠ્યું કે મને આશીયો કહ્યો ! અને એ ય એક સ્ત્રીએ !

ને પછી હાથ પગ ધોઈ જમવા બેસાડ્યા.

પણ ભગત ખાતા નથી.

ભગતજી, આરોગોને !

કલિતારક ગુરુગાન છે, રમ્ય, રુચિર, રસાળ,
નિશ્ચય મનનો હોય તો કાઢે પાછો કાળ.

ના, મારા પ્રશ્નનો જવાબ આપ કે મને આશીયો કેમ કહ્યો ? મારા તો ભગવાને બાવન પરચા પૂર્યા છે.

રાંકાની પત્ની બાંકા કહે : તે વાત પછી કરીએ. હાલ, જમી લો.

ભગત કહે : ના, એ સિવાય જમવું નથી.

બાંકા બાઈ પછી રસોઈ કરતાં કરતાં હાથમાં વેલણ લઈને બહાર આવી ઊભી રહી. વચ્ચે ગોળ કુંડાળું કરી દીધું. આંખ બંધ કરતાંની સાથે ચોવીસે અવતાર ભગવાનના ખડા કરી દીધાં. ચોવીસ ભગવાનની સજીવ મૂર્તિઓ ખડી કરી દીધી !

અને કહ્યું કે, લઈ લે તારો ભગવાન.

નરસિંહ મહેતાને કહે : આમાં જે તારો ભગવાન હોય તે પકડ.

'અરે ભગત, આપણા સંકલ્પમાં એટલી બધી શક્તિ છે કે તમે જો ધારો તો ભગવાન તમારી સામે ઊભો રહે. પણ એ શક્તિ શું કામની ? તું નિરહમ્ થઈ જાય તો જ તને સમદૃષ્ટિ આવશે.

તે પછી નરસિંહ મહેતા બાંકા બાઈના ચરણમાં પડ્યા ને જ્ઞાન થયું અને

નિધાન સંનિધાનમાં, કાં ખોળે કાન્તાર?
કામધેનુ ગુરુ પરિહરી, ક્યાં દોડે તું ગમાર?

*"જ્યાં લગી આતમા-તત્ત્વ ચીન્યો નહિ*
*ત્યાં લગી સાધના સર્વ જૂઠી."*

પછી "નિરખને ગગનમાં કોણ ઘૂમી રહ્યો, તે જ હું તે જ હું શબ્દ બોલે" ગાઈ ઊઠ્યા.

તો ગુરુમહારાજે દૃષ્ટિ આપી છે. પેલી બાંકા બાઈ એમના ગુરુ મહારાજ છે.

ગુરુ તમને બીજું કાંઈ નહીં આપે. તમે તેમને માનતા હો તો તે ભૌતિક સુખ તો આપે છે.

અરે ! વગર માગે આપે છે. ને માગો તો ય આપે છે.

કોઈ વખતે આપણી ઈચ્છા ના પૂરી કરે તો આપણે મોં બીજા પર પણ ફેરવી દઈએ છીએ.

પણ રખે એવું કરતા.

ગુરુ 'મા'ને એવી ખબર છે કે જો હું એને આ માગેલું આપીશ તો આગળ જતા તેને દુઃખ આપશે.

માટે નહીં આપે. તમે ઊંચા થઈને નીચે પડશો તોય નહીં આપે.

એ વખતે એવું વિચારવાનું કે મારા હિતનું નથી માટે નથી આપ્યું.

એક ગુરુ વિણ કાળને જીતે કોઈ ન જાણ,
જોઈ રીઝે ભાવને, સદ્‌ગુરુ એ પણ માન.

મારા ગુરુ મહારાજમાં શક્તિ નથી એવું ક્યારેય નહીં વિચારવાનું.

આપણા સુખદુ:ખનું ફળ આપણા કર્મો છે એ બરાબર લખી રાખો.

એમાં ભગવાન અને ભક્તિને કાંઈ લેવા-દેવા નથી.

દુ:ખ આવે ત્યારે ભગવાન તેને સહન કરવાની શક્તિ આપે. તમારું દુ:ખ લઈ ના લે. તમને ઓછું કરી ભોગવવાની શક્તિ આપે. કેવી રીતે ભોગવવું એ શીખવાડે. આ છે ભક્તિનું ફળ.

તો સદ્‌ગુરુ મહારાજ આપણને સર્વમાં સમદૃષ્ટિ કરાવે છે; એ ભક્તિનું ફળ છે.

જ્યાં સુધી સદ્‌ગુરુ પ્રસન્ન ના થાય ત્યાં સુધી આપણી દૃષ્ટિ કોઈ કામની નથી.

તો ગુરુ દૃષ્ટિ આપે છે. આજે આપણે જે દૃષ્ટિથી જગત જોઈએ છીએ તે અને એ ગુરુ જ્યારે દૃષ્ટિ આપે ત્યારે જગતને જોવાનો પ્રકાર બદલાઈ જાય છે : બધામાં મારો ગુરુ મહારાજ

ભજે જેહ જે ભાવથી, તેને તેવું ફળ,
આપે નઃસંશય અહીં જાણ એહ ગુરુવર.

વ્યાપેલો છે.

અને મારું જીવન એવું હોવું જોઈએ કે બધાંમાં ગુરુ મહારાજ છે એવું સમજીને હું એની સાથેનો વહેવાર કરીશ. તો તમારો વહેવાર જો શુદ્ધ હોય તો તે પરમાર્થ બની જાય.

જ્યારે બીજાની સાથે વર્તન (Behaviour) કરો ત્યારે બહુ જ વિચાર કરજો.

અંદર પૂછજો અને એમ થાય કે હવે બરાબર છે તો જ કરવાનું અને ગુરુ જો કરવાની ના પાડે તો ના કરવાનું. આ જીવનની શુદ્ધિ છે. આપણી ગુરુપૂર્ણિમાનું ફળ છે : સર્વમાં સમદૃષ્ટિ.

**ૐ શાંતિઃ**

**ગુરુદેવ દત્ત**

**અવધૂતચિંતન શ્રીગુરુદેવદત્ત**

## सद्‌गुरु कृपा

( रागः भैरवी )

गुरुकृपाहि केवलम् । शिष्य परम मंगलम् ।

देहबलं गेहबलं वित्तबलं चित्तबलं ।
तद्विना तु सर्व बलं विद्धयसार निष्फलम् ॥

सद्‌गुरुं च ब्रह्मपरं व्यकतमत्र नृतनुधरम् ।
यः स्मरेद्धि तस्य वरं किन्नु स्यात्सुदुष्करम् ॥

एक मुखोऽपि स हि विधिर्नोचतुष्करोऽपि हरिः ।
विना त्रिनेत्रमत्र हरो रंग-नर्तकोप्यलम् ॥

•

रंग अवधूत

ગુરુચરન પ્રીત મોરી લાગી રે ધ્રુ૦

સોતી થી મૈં જનમોજનમસે,

ગુરુશબદસે જાગી રે ! ગુરુ૦ ૧

હાટ બજાર ફીરું મતવાલી,

લોગલાજ સબ ત્યાગી રે ! ગુરુ૦ ૨

કોહં કોહં પૂછત રાગી,

સોહં કહત વિરાગી રે !ગુરુ૦ ૩

ના મૈં રાગી ના મૈં વિરાગી

રંગ-રાગસે ભાગી રે !ગુરુ૦ ૪

•

(રાગ-આસા, તાલ-કહેરવા)

ગુરુ ઘર આવ્યા, વિઘ્નો સહુ દૂર સિધાવ્યાં...ધ્રુવ.

બ્રહ્માહરિહર મૂર્તિ મનોહર,
દંડકમંડલુશોભિત વર[1] કર;
કંથા કૌપીન અક્ષમાલધર[2],
સુરવર ધાયા.-વિઘ્નો૦ ૧

આનંદાબ્ધિ ઉર છલકાએ,
દુઃખનામ ક્યાંયે ન જણાએ;
આધિ વ્યાધિ સહુ મન ગભરાએ,
સુકૃત ફાલ્યાં.-વિઘ્નો૦ ૨

વાણી સુધાસમ[3] શી મધુરી આ,
જાણે કુસુમો મુખદ્રુમ[4] ખરિયાં;
ચિંતા દૈન્ય ઉપાધિ ટળિયાં,
મનસુખ પામ્યા.-વિઘ્નો૦ ૩

સ્વાગતની શી કરૂં તૈયારી ?
તનમનધન સહુ તુજ પર વારી!
જ્યાં દેખું ત્યાં તુજ બલિહારી,
રંગ ચઢાયા ! !-વિઘ્નો૦ ૪;

●

---

૧. સુંદર ૨. રુદ્રાક્ષની માળા ધારણ કરનાર ૩. અમૃત જેવી. ૪. વૃક્ષ.

(રાગ-આશાવરી, તાલ-કહેરવા)

ઔષધિ કૌન પિલાવે?
ગુરુ બિન, ઔષધિ કૌન પિલાવે?-ટેક.
ભવવ્યાધિ યહ બહોત સતાવે,
સુધબુધ ભૂલાવે!-ગુરુ. ૧
વિષયવિષમજ્વર અતિ ઘબડાવે,
તૃષ્ણાપ્યાસ બઢાવે!-ગુરુ. ૨
ઐસો કૌન કૃપાલુ જગમેં,
આવાગમન[1] મિટાવે?-ગુરુ.૩
આપ ભૂલા જગ સબ ભૂલાવે,
ઐસો કામ ન આવે!-ગુરુ.૪
હોવે કામિલ[2] નબ્ઝ[3] દિખાવું,
અમૃત રંગ પિલાવે!ગુરુ. ૫

•

---

૧. જન્મમરણનો ફેરો. ૨. હોશિયાર; અનુભવી ૩. નાડ.

# સદ્‌ગુરુની હૂંફ

સદ્‌ગુરુનો અર્થ જીવંત આદર્શ **Living Ideal** એવો સમજવાનો હોય, એ આદર્શ આપણે નજરે અનુભવીએ તો આપણને એ કક્ષા શક્ય છે. એની ખાતરી થાય એટલે જીવનમાં હારી જનારાને, હતાશ કે નિરાશ થનારને એવા જીવંત આદર્શ નજર સામે જોવાથી ઓછી વત્તી હિંમત આવે, પ્રોત્સાહિત થઈને પુરુષાર્થ કરવાનું બળ મળે અને હાલી ગયેલી શ્રદ્ધા સ્થિર થવા પામે.

જીવંત સત્પુરુષની અવેજીમાં કોઇ સમાધિસ્થ મહાપુરુષ પર જો ચિત્ત સ્થિર થાય અને એમાંથી આપણને સદા પ્રેરણા મળ્યા કરે તો એવી વ્યક્તિને અંતઃકરણના સિંહાસન પર સદ્‌ગુરુપદે બિરાજમાન કરવામાં જરાય વાંધો નથી.

ગુરુભાવ એ અંતઃકરણનો ધર્મ છે. એટલે હૃદયની ભાવના જ્યાં સંલગ્ન થાય, જેના સ્મરણમાત્રથી હૃદયવિણાના તાર ઝણઝણી ઊઠે, જેના ચિંતનથી શાંતિ અને સમાધાન, શાતા અને સાત્વિક આનંદનો અનુભવ થાય, ગમે તેવા હલમલાવી નાંખે એવા ઝંઝાવાતોમાં પણ જેની હૂંફથી આપણને લાગ્યા કરે કે આપણા ઉપર સમર્થ મહાપુરુષોનો પંજો છે અને આપણે સુરક્ષિત છીએ એવી અંતરમાં એક પ્રકારની અડોલ, સ્વયંભૂ શ્રદ્ધા રણક્યા કરે એવી કોઇ પણ જીવંત કે સમાધિસ્થ વ્યક્તિને ગુરુપદે સ્થાપિત કરવામાં કલ્યાણ છે.

રંગ અવધૂત

# ગુરુપૂર્ણિમા

ગુરુપૂર્ણિમા એટલે આધ્યાત્મિક વિકાસનું સરવૈયું કાઢવાનો પવિત્ર દિવસ. જ્ઞાનસૂર્ય સદ્‌ગુરુનો ભવ્ય આદર્શ સ્હામે રાખી આધ્યાત્મિક આકાશમાં ઊંચે ને ઊંચે ચડવાની પ્રતિજ્ઞા કરવાનું પુણ્યતમપર્વ.

અને ગુરુપૂજન એટલે ? જ્ઞાન વૈરાગ્યાદિ ઐશ્વર્યસંપન્ન શ્રી સદ્‌ગુરુના નિર્હેતુક શીતળ વાત્સલ્ય, શરણ પકડનારના અભ્યુદય ને નિઃશ્રેયસ્ માટે સર્વ કાંઈ કરી છૂટવાની નિઃસ્પૃહ તત્પરતા, વિશ્વ કલ્યાણની ભાવના વગેરે અનંત દિવ્ય ગુણોનું પૂજન-એના ગુરુત્વની સંભાવના, મહત્તાનું સન્માન, એના સદુપદેશને આચરણમાં ઉતારવાના સંકલ્પરૂપ લોકસંગ્રહ માટે કૃતજ્ઞતાદર્શક સમારંભ.

વડોદરા
ગુરુપૂર્ણિમા, ૧૯૬૧

રંગ અવધૂત